સાંજની સોનેરી રંગત વચ્ચે તિથલ દરિયાકિનારે પ્રવાસીઓની ભીડ

■ વલસાડનો પ્રખ્યાત તિથલ દરિયાકિનારો પ્રકૃતિપ્રેમીઓ અને પ્રવાસીઓ માટે હંમેશાં આકર્ષણનું કેન્દ્ર રહ્યો છે. હાલમાં જ તિથલ બીચ પર સાંજની અદ્ભુત સુંદરતા માણવા માટે મોટી સંખ્યામાં સહેલાણીઓ ઉમટી પડ્યા હતા. સૂર્યાસ્તના સમયે આકાશમાં રેલાતા સોનેરી અને ગુલાબી રંગો તેમજ સમુદ્રની ઉછળતી લહેરોએ એક કાલ્પનિક અને મનોહર દ્રશ્ય સર્જ્યું હતું. આ આહલાદક વાતાવરણમાં દરિયા કિનારે ફરવા આવેલા પ્રવાસીઓ વીકેન્ડ અને સાંજની પળોનો આનંદ માણતા નજરે પડ્યા હતા. કોઈ કિનારા પર બેસીને શીતળ પવનની લહેરોનો લહાવો લઈ રહ્યું હતું, તો કોઈ પરિવાર અને મિત્રો સાથે સેલ્ફી લેવામાં અને આ યાદગાર પળોને પોતાના કેમેરામાં કેદ કરવામાં મશગૂલ હતું. દરિયાના પાણીમાં મોજાં સાથે મસ્તી કરતા બાળકો અને વડીલોના ચહેરા પરનો આનંદ સ્પષ્ટ જોઈ શકાતો હતો. સ્થાનિક ખાણીપીણીની લિજ્જત અને ઊંટ-ઘોડેસવારીની મજા માણતા પ્રવાસીઓથી આખો બીચ જીવંત બની ગયો હતો. કેમેરામેન અને પ્રવાસીઓના લેન્સમાં કેદ થયેલી આ તસવીરો તિથલ બીચની પ્રાકૃતિક સુંદરતા અને માનવ ઉલ્લાસનો અદભુત સંગમ દર્શાવે છે.

નાનાપોંઢાના અરનાલા મરિમાતા ચાર રસ્તાથી પરિણીતા પુત્ર સાથે ગુમ

વલસાડ : નાનાપોંઢા પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, સુરતના વરાછા રોડ, હીરાબાગ, પુર્વી સોસાયટી, શેરી નં.9, ડી-64 ખાતે રહેતી 24 વર્ષીય પુનમબેન કેવલભાઈ લાઠીયા તથા તેમનો આશરે 2 વર્ષીય પુત્ર રિવાંશ લાઠીયા ગત તારીખ 14 જૂનના રોજ સવારે 9 વાગ્યાના અરસામાં વલસાડ જિલ્લાના નાનાપોંઢા તાલુકાના અરનાલા, અરીમાતા ચાર રસ્તા પાસેથી સુરત જાઉં છું એમ કહી કોઈ અગમ્ય કારણસર કશે જતા રહ્યા હતા અને આજદિન સુધી પરત ફર્યા નથી. ગુમ પુનમ મધ્યમ બાંધો, શ્યામવર્ણ અને 5 ફૂટ ઉંચાઈ ધરાવે છે. તેમણે લાલ ટી-શર્ટ અને રાખોડી કલરનું પેન્ટ પહેરેલું હતું. તેમની પાસે વિવો કંપનીનો એનરોઇડ ફોન છે. તેઓ ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા જાણે છે. ગુમ રિવાંશ ગૌરવર્ણ ધરાવે છે. તેણે સફેદ ટી-શર્ટ અને રંગનો ચડ્ડો પહેરેલો છે. જે કોઈને પણ આ પરિણીતા અને બાળકની ભાળ મળે તો નાનાપોંઢા પોલીસ સ્ટેશનો સંપર્ક કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

સંક્ષિપ્ત સમાચાર

દમણ-દીવના સાંસદે ડિજિટલ યુનિયન ટેરિટરી મોડલનો પ્રસ્તાવ રજૂ કર્યો

દમણ : સુરતમાં કેન્દ્રિય દૂરસંચાર સમિતિની બેઠકનું આયોજન થવા પામ્યું હતું. જેમાં દમણ-દીવના સાંસદ ઉમેશ પટેલે દાનહ-દમણ-દીવને ડિજિટલ યુનિયન ટેરિટરી મોડલ બનાવવા અંગે પ્રસ્તાવ મુક્યો હતો. સાંસદે બેઠકમાં પ્રસ્તાવ મુકતા જણાવ્યું કે, સમગ્ર પ્રદેશમાં 5જી સેવા શરૂ કરવા, દરેક ગામ અને શહેરમાં હાઈ-સ્પીડ ઓપ્ટિકલ ફાઈબર બ્રોડબેન્ડ નેટવર્ક પહોંચાડવા, નેટવર્ક વંચિત વિસ્તારોમાં નવા મોબાઈલ ટાવર સ્થાપવા, તેમજ હાલની મોબાઈલ કનેક્ટીવિટીને વધુ મજબૂત કરવા અનુરોધ કર્યો હતો. ખાસ શૈક્ષણિક સંસ્થાઓ, સરકારી કચેરીઓ, આરોગ્ય સેવાઓ અને ઔદ્યોગિક વિસ્તારોને વિશ્વસનિય ડિજિટલ કનેક્ટીવિટી સાથે જોડવા અને સમગ્ર દાનહ-દમણ-દીવને બી.એસ.એન.એલ. ડિજિટલ યુનિયન ટેરિટરી મોડલ તરીકે વિકસાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જો આ પ્રસ્તાવ અમલમાં આવશે તો ડિજિટલ ઈન્ડિયાના વિઝનને વેગ મળશે સાથે ઉદ્યોગો, વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકોને ઝડપી અને વિશ્વસનિય ટેલિકોમ તથા ડિજિટલ સેવાઓનો સીધો લાભ મળશે. આયોજિત બેઠકમાં સુરતના લોકસભાના સાંસદ મુકેશભાઈ દલાલ તથા રાજ્યસભાના સભ્ય ગોવિંદભાઈ ધોળકીયા(કાકા)ની સાથે સંચાર વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

નાની વહિયાળ ગામની દીકરી PSIની પરીક્ષામાં પાસ થતા ખુશીનો માહોલ

વલસાડ : ધરમપુર તાલુકાના નાનીવહિયાળ ગામની પટેલ પરિવારની દીકરીએ ગુજરાત પોલીસની ભરતીમાં પી.એસ.આઈ.ની પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ માતા પિતા પરિવાર અને ગામનું ગૌરવ વધાર્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ, ગુજરાત પોલીસમાં સીધી ભરતી પરીક્ષાના પરિણામમાં નાની વાહિયાળ ગામના માજી સરપંચ સ્વ. જમશુ પટેલના દીકરા કમલેશ પટેલની દીકરી ધર્મિષ્ઠા પટેલે કઠિન મનાતી પી.એસ.આઈ. પરીક્ષા પાસ કરી સફળતા મહેનત દૃઢ સંકલ્પ અને આત્મવિશ્વાસનું ઉદાહરણ બની છે. તેમની આ સિધ્ધિમાત્ર આદિવાસી સમાજ માટે ગૌરવની ક્ષણ બની છે. ધર્મિષ્ઠાએ ધો.12 સુધીનો અભ્યાસ સ્વામીનારાયણ હાઇસ્કુલ માલનપાડા અને સ્નાતકનો અભ્યાસ એમ.એસ.યુ.ખાતે પૂર્ણ કરી પી.એસ.આઈ. બનવાનું સ્વપ્ન પૂર્ણ કરવા પરીક્ષાની તૈયારીમાં લાગી ગઈ અને માતા પિતાના આર્શીવાદથી પરીક્ષામાં પાસ થઈ છું તેમ જણાવ્યું હતું.

સેલવાસની હોસ્પિટલમાંથી સારવાર દરમિયાન નાસી છૂટેલો આરોપી સંજાણમાંથી ઝડપાયો

ઉમરગામ : સેલવાસ નમો હોસ્પિટલમાંથી સારવાર દરમિયાન નાસી છૂટેલો ઘરફોડ ચોરીમાં સંડોવાયેલો આરોપી રાજુ છૈત્રી ઉમરગામના સંજાણમાંથી ઝડપાયો છે. પ્રાપ્ત પોલીસ સુત્રો પાસેથી મળતી જાણકારી મુજબ નરોલી પોલીસ સ્ટેશન વિસ્તારની ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપી રાજુ ઉર્ફે રમેશ છૈત્રી (રહે સેલવાસ વાઘ છીપા દાદરા નગર હવેલી મૂળ રહે નેપાળ) નમો હોસ્પિટલ સેલવાસ ખાતે સારવાર દરમિયાન સવારે હોસ્પિટલમાંથી નાસી ગયો હતો. આ આરોપીને ઉમરગામ પોલીસે સંજાણ રેલવે સ્ટેશન પરથી ઝડપી પાડ્યો હતો. આ આરોપી વિરુદ્ધ ઉમરગામ, વાપી ટાઉન, શિવપુરી વારાણસી ઉત્તર પ્રદેશ, નંદગજ ગાજીપુર ઉત્તર પ્રદેશ મળીને કુલ આઠેક જેટલા ગુનાઓ નોંધાયેલા છે. આરોપીને ઝડપી પાડી ઉમરગામ પોલીસે પ્રશંશનીય કામગીરી કરી હતી.

ડાંગના ઘોઘલી ખાતે ધૂંધલીનાથ મહાદેવ મેળામાં ભાવિકોએ દર્શનનો લાભ લીધો

સાપુતારા : ડાંગ જિલ્લાના આહવા તાલુકાના ઘોઘલી ગામ ખાતે આવેલા વર્ષો જૂનું પૌરાણિક તથા આસ્થાનું કેન્દ્ર એવા સિદ્ધ ધૂંધલીનાથ મહાદેવ ખાતે યોજાયેલા વાર્ષિક મેળામાં ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પાવન યાત્રામાં સમગ્ર ગુજરાતમાંથી તથા ડાંગ જિલ્લાના આસપાસના ગામોમાંથી હજારો ભાવિકોએ શિવદર્શન અને મહાપ્રસાદનો લાભ લીધો હતો. ધૂંધલીનાથ મહાદેવ સ્થળની સ્થાપનાની અલૌકિક ઘટના કે વર્ષ ૧૯૭૪માં બીલીમોરાના સંત બ્રહ્મલીન પરમ પૂજ્ય સાનેદાદાને આ સ્થળે દૈવીક શક્તિનો અનુભવ થયો હતો. તેમના માર્ગદર્શન હેઠળ જમીન ખોદતા અહીં જ્વાળારૂપે શિવલિંગ પ્રગટ થયું હતું. ત્યારથી દર વર્ષે ભક્તો અહીં શિવપૂજન માટે ભેગા થાય છે. આ વર્ષે પણ આ પાવન દિવસે બીલીમોરા નવનાથ ધામના વર્તમાન ગાદીપતિ પૂ. છોટેદાદાના હસ્તે શાસ્ત્રોક્ત વિધિ મુજબ મહાપૂજન કરવામાં આવ્યું હતું. ભાવિકોએ ભગવાન ધૂંધલીનાથ મહાદેવના દર્શન કરી પૂજન-અર્ચન કર્યું તેમજ મહાપ્રસાદનો લાભ લીધો. નવનાથ ભક્ત મંડળ ટ્રસ્ટ આહવા અને સ્થાનિક સેવાભાવી યુવકો દ્વારા દર્શન વ્યવસ્થા, પાણી, પાર્કિંગ, સ્વચ્છતા તથા મહાપ્રસાદની સુચારૂ વ્યવસ્થા કરવામાં આવી હતી. ભાવિકોએ ભગવાન ધૂંધલીનાથ મહાદેવને અભિષેક, બિલીપત્ર, ફૂલ અને નાળિયેર અર્પણ કરી પરિવારના સુખ, સમૃદ્ધિ અને કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી. ડાંગના કુદરતી સૌંદર્ય વચ્ચે આવેલું ધૂંધલીનાથ મહાદેવનું પવિત્ર ધામ આજે પણ સમગ્ર ગુજરાત સહિત પડોશી રાજ્યોના ભક્તો માટે વિશેષ આસ્થાનું કેન્દ્ર બની રહ્યું છે. અહીં દર્શન કરનાર દરેક ભાવિકને આધ્યાત્મિક શાંતિ અને શિવત્વનો સ્પર્શ અનુભવાય છે.

વલસાડમાં રોડ પર ગેરકાયદે કાર પાર્ક કરનારા દંડાયા

વલસાડ : વલસાડ જિલ્લા પંચાયતના પાછળના ભાગે રોડ ઉપર રસ્તા ઉપર ગેરકાયદે કાર પાર્ક કરનારને વલસાડ પોલીસે 15 થી વધુ જેટલા ઓનલાઇન મેમો આપ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે વલસાડમાં ગેરકાયદેસર રીતે વાહનો રોડ પર પાર્ક કરવામાં આવતા રાહદારીઓ સાથે વાહન ચાલકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

સંક્ષિપ્ત સમાચાર

દા.ન.હ.માં એક દિવસમાં ૧ લાખ વૃક્ષારોપણ

વાપી : દાદરા નગર હવેલીની ધરાને હરિયાળી અને પ્રદૂષણમુક્ત બનાવવાની નેમ સાથે, ખાનવેલ રિસોર્ટના માલિક નિર્મલ જૈન (ગોધા) દ્વારા એક દિવસમાં ૧ લાખ વૃક્ષો વાવવાનું રવિવારે ઉમદા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. આ વિશાળ અભિયાન અંતર્ગત ખાનવેલ, દુધની અને તેની આસપાસના અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોને પસંદ કરવામાં આવ્યા હતાં. આ લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે ૧૧૦૦થી વધુ શ્રમિકોને યુદ્ધના ધોરણે કામે લગાડવામાં આવ્યા હતા. તેમના અથાગ પરિશ્રમને પરિણામે, માત્ર એક જ દિવસમાં ૧ લાખ વૃક્ષોનું વાવેતર કરીને એક નવો વિક્રમ સ્થાપિત કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ આ સાહસિક અભિયાનની પ્રશંસા કરી હતી. જેમાં મુખ્ય અતિથિ તરીકે RMD ફાઉન્ડેશનના ચેરપર્સન શોભાતાઈ ધારીવાલ, જિલ્લા પંચાયત અધ્યક્ષા નિશા ભાવર, ઇપ્કા ગ્રુપના ચેરમેન પ્રેમચંદ ગોધા, ખાનવેલના સરપંચ મરિયા વિલાત, જિલ્લા પંચાયત સભ્ય સુશીલાબેન ભીમરા, પૂર્વ જિલ્લા પંચાયત ઉપાધ્યક્ષ દીપક પ્રધાન તેમજ અન્ય ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, નિર્મલ જૈનના પરિવારજન કલ્પના જૈન, નકુલ જૈન, વન વિભાગ આયોજન સમિતિના સભ્યો અને મહેમાનો તથા રિસોર્ટના સ્ટાફે આ કાર્યમાં સહભાગી બની પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. આ પ્રસંગે નિર્મલ જૈને જણાવ્યું હતું કે, પર્યાવરણની જાળવણી એ માત્ર ફરજ નહીં, પણ આપણી સામૂહિક જવાબદારી છે.

નવસારીના મેયરે દિવ્યાંગ બાળકો સાથે જન્મદિવસ ઉજવ્યો

સાપુતારાઃ નવસારી મહાનગરપાલિકાના નવનિયુક્ત મેયર અશોકભાઈ ધોરાજિયાએ પોતાના જન્મદિવસની ઉજવણી અત્યંત સાદાઈથી કરીને સમાજ સામે એક પ્રેરણાદાયી ઉદાહરણ પૂરું પાડ્યુ છે. ડાંગ જિલ્લાના શિવારીમાળ ખાતે આવેલા વૈદેહી સંસ્કાર ધામ અને માનવ કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત અંધ જન શાળાના દિવ્યાંગ બાળકો સાથે તેમણે સમય વિતાવીને પોતાના જન્મદિનની વિશિષ્ટ ઉજવણી કરી હતી. મેયરનાં જન્મદિવસ નિમિત્તે સંસ્થાના દિવ્યાંગ બાળકો માટે વિશેષ મિષ્ટાન્ન સહિતના ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમ દરમિયાન વૈદેહી સંસ્કાર ધામની બાલિકાઓએ હનુમાન ચાલીસાના પાઠ અને અભિનંદન ગીત રજૂ કરીને મેયરનું અભિવાદન કર્યું હતું. ઉપસ્થિત સૌ કોઈએ અશોકભાઈ ધોરાજિયાના આ સેવાભાવી અભિગમ, સંવેદનશીલતા અને સામાજિક પ્રતિબદ્ધતાની પ્રશંસા કરી હતી. આ પ્રેરણાદાયી પ્રસંગે મેયરનાં ધર્મપત્ની ત્રિવેણીબેન ધોરાજિયા, રમેશભાઈ પટેલ તેમજ ગુસાજીએ ખાસ ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપ્યો હતો.આ કાર્યક્રમના અંતે વૈદહી સંસ્કારધામનાં યશોદા દીદી, માનવ કલ્યાણ ટ્રસ્ટ અંધ જન શાળાના ઉપપ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ અને પી.આર.ઓ. પંકજભાઈ નાયકે મેયર અશોકભાઈ ધોરાજિયાની આ સરાહનીય કામગીરી તથા સંવેદનશીલતાને બિરદાવી સંસ્થા વતી આભાર વ્યક્ત કર્યો હતો.

ગણદેવી અને બીલીમોરામાંથી વનસ્પતિજન્ય ગાંજો પકડાયો

બીલીમોરા : ગણદેવી અને બીલીમોરામાંથી પોલીસે ૧૩૯.૬૯ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો કિંમત રૂપિયા ૬૯૮૫ પકડી પાડી બે ચરસીઓની ધરપકડ કરી છે. જ્યારે ગાંજો પૂરો પાડનાર દેવસર અને વાઘરેચના બે શખ્સોને વોન્ટેડ જાહેર કર્યા છે. પ્રથમ બનાવમાં ગણદેવી પોલીસે પઠાણવાડમાં રહેતા શહનવાઝ કાસિમભાઈ શાહ (૨૩) પાસેથી વનસ્પતિજન્ય ગાંજો ૫.૧૦ ગ્રામ કિંમત રૂપિયા ૨૫૫ પકડી પાડી તેની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન આ ગાંજો તે બીલીમોરા નજીકના દેવસર ખાતે રહેતા કિશોર બાબુભાઈ નાયકા પાસેથી લાવ્યો હોવાનું પોલીસ સમક્ષ તેને કબૂલ્યું હતું. પોલીસે શાહનવાઝ શાહની ધરપકડ કરી છે જ્યારે ગાંજો પૂરો પાડનાર કિશોર બાબુભાઈ નાયકાને વોન્ટેડ જાહેર કર્યો છે. બીજા બનાવમાં બીલીમોરા પોલીસે ઓરિયા મોરિયા શિવ શક્તિ રોહાઉસ સામે વાઘરેચ રોડ રહેતા વિકાસ કમલેશભાઈ પટેલ (૨૮) પાસેથી ૧૩૪.૫૯ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો કિંમત રૂપિયા ૬૭૨૯ મળી આવતા તેની ધરપકડ કરી હતી. તેની પાસેથી મોબાઇલ પોલીસે જપ્ત કર્યો હતો. જ્યારે આ રેકેટમાં સંડોવાયેલા રોનક ઉર્ફે પીકે પટેલ (રહે વાઘરેચ)ની પોલીસ શોધખોળ કરી રહી છે. આમ ગણદેવી અને બીલીમોરા પોલીસે બે બનાવમાં ૧૩૯.૬૯ ગ્રામ વનસ્પતિજન્ય ગાંજો સહીતનો રૂપિયા ૭૯૮૫ નો મુદ્દામાલ પકડી પાડી બે ચરસીઓની ધરપકડ કરી બે ને વોન્ટેડ જાહેર કર્યા છે.

પાણીની સમસ્યા નિવારવામાં વલસાડ પાલિકા સદંતર નિષ્ફળ નિવડી

વલસાડમાં ચોમાસામાં પણ પાણીની તંગી

પાણીથી ત્રસ્ત ધોબી તળાવની મહિલાઓનો પાલિકા પર મોરચો

ભાજપી સભ્યો તેમની મદદે આવતા જ ન હોવાનો બળાપો ઠાલવ્યો

વલસાડ : વલસાડ નગરપાલિકા વિસ્તારમાં આવતા ધોબી તળાવ વિસ્તારમાં પાણીની વ્યાપક સમસ્યા છે. છેલ્લા 8 માસથી પાણી માટે ટળવળતી આ મહિલાઓએ આજરોજ પાલિકા પર મોરચો માંડ્યો હતો. આ સાથે તેમણે કોઇ પણ ભાજપી સભ્યો તેમની મદદે આવતા જ ન હોવાનો બળાપો સોશિયલ મીડિયામાં ઠાલવ્યો હતો. વલસાડ ધોબી તળાવમાં છેલ્લા 8 માસથી પાણીની મોટી સમસ્યા ઉભી થઇ છે. પાણીની આ સમસ્યાના નિવારણ માટે અનેક વખત રજૂઆત કરવા છતાં તેનું નિરાકરણ ન આવતા આખરે અહીંની મહિલાઓએ આજરોજ પાલિકા પર પહોંચી આ મુદ્દે રજૂઆત કરી હતી. જ્યાં તેમણે પાણીની સમસ્યા છેલ્લા 8 માસથી હોવાનું જણાવ્યું હતુ. તેમજ આ સમસ્યા નિવારવામાં પાલિકા સદંતર નિષ્ફળ નિવડી હોવાનું પણ જણાવ્યું હતુ. તેમજ તેમની સમસ્યાના નિવારણ માટે સ્થાનિક સભ્યો પણ આવતા ન હોવાનો આક્રોષ વ્યક્ત કર્યો હતો.

વલસાડ નગરપાલિકા અનેક સમસ્યા નિવારણ માટે સદંતર નિષ્ફળ નિવડી

વલસાડ પાલિકામાં ભૂખ હડતાળ પર બેઠેલા વકીલ ડિટેઇન

પાલિકાએ હદ બહાર જઇ ધારાસભ્યના ઘર નજીકની સ્ટ્રીટ લાઇટ ચાલુ કરી બીજી તરફ શહેરની 500 થી વધુ બંધ લાઇટો બંધ

વલસાડ : વલસાડ નગરપાલિકા અનેક સમસ્યા નિવારણ માટે સદંતર નિષ્ફળ નિવડી છે. તિથલ રોડ પર ઉભરાતી ગટરનું પાણી મંદિરમાં જતુ પાલિકા અટકાવી શકી નથી. તેમજ એક તરફ તેઓ હદ બહાર જઈ ધારાસભ્ય ભરત પટેલના ઘર નજીકની સ્ટ્રીટ લાઇટ ચાલુ કરી આપે છે, પરંતુ શહેરની 500 થી વધુ બંધ લાઇટો ચાલુ કરી શકતી નથી. ત્યારે વલસાડ શહેરના લોકોના આવા વિવિધ પ્રશ્નોના નિરાકરણની માંગ સાથે વલસાડના વકીલ અકીબ મકબૂલ મલેકે આજે વલસાડ નગરપાલિકા કચેરી બહાર ભૂખ હડતાળ શરૂ કરતાં પોલીસે તેમને ડિટેઇન કરી કાર્યવાહી હાથ ધરી હતી.

અકીબ મલેકે ગત 1 જૂનના રોજ નગરપાલિકાને લેખિત રજૂઆત કરીને શહેરમાં બંધ પડેલી સ્ટ્રીટ લાઇટો, ડ્રેનેજ લાઇનની સમસ્યા, જર્જરિત શોપિંગ સેન્ટરોના સમારકામ, ગેરકાયદે દબાણો સામે સમાન કાર્યવાહી, શાળાઓની આસપાસ ટ્રાફિક સુરક્ષા અને અન્ય જાહેર હિતના પ્રશ્નોના નિરાકરણ માટે માંગણી કરી હતી. રજૂઆતમાં તેમણે ચેતવણી આપી હતી કે નિર્ધારિત સમયમર્યાદામાં પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે તો તેઓ પાલિકા કચેરી ખાતે આમરણ અનશન પર બેસશે.

આજે સવારે તેઓ પાલિકા કચેરી નજીક ભૂખ હડતાળ પર બેસતા. પોલીસે અનશન સમેટી લેવા સમજાવટનો પ્રયાસ કર્યો હતો.

વ્યક્તિગત હિત માટે નહીં નાગરિકોના પ્રશ્નોના ઉકેલ માટે આંદોલન : વકીલ

વકીલ અકીબ મલેકે જણાવ્યું હતું કે તેઓ કોઈ વ્યક્તિગત હિત માટે નહીં પરંતુ શહેરના નાગરિકોને લાંબા સમયથી સતાવતા પ્રશ્નોના ઉકેલ માટે આંદોલન કરી રહ્યા છે. તેમણે નગરપાલિકા તંત્ર પર પ્રજાના પ્રશ્નો પ્રત્યે ઉદાસીનતા દાખવવાનો આક્ષેપ પણ કર્યો હતો.

ભાજપ શાસિત પાલિકા વિરોધનો સૂર ઉઠવા દેતી નથી

ભાજપ શાસિત પાલિકા વિરોધનો સૂર ઉઠવા જ દેતી નથી. જે પણ વિરોધ કરે તેને પોલીસ દ્વારા ડિટેઇન જ કરાવી દે છે. તાજેતરમાં જ પોલીસે પાલિકા પર વિરોધ માટે પહોંચેલા કોંગ્રેસી કાર્યકરોને ડિટેઇન કર્યા હતાં. ત્યારબાદ હવે વકીલને ડિટેઇન કરી વિરોધ પ્રદર્શન અટકાવ્યું હતુ.

કોંગ્રેસના શાસનમાં ટાવર નીચે વિરોધ પ્રદર્શનો થયા હતાં

અત્રે ઉલ્લેખનિય છે કે, કોંગ્રેસના શાસનમાં ટાવર નીચે અનેક વખત વિરોધ પ્રદર્શનો થયા હતાં. એ સમયે પોલીસ કોઇને રોકતી ન હતી. જોકે, હવે પોલીસ કોઇને શાંતિપૂર્ણ રીતે પણ વિરોધ કરવા દેતી નથી. જેની સામે વલસાડની જનતામાં ભારે કાનાફૂસી ચાલી રહી છે.

પત્નીની હત્યા કરનાર આરોપીને આજીવન કેદની સજા

વલસાડ : વલસાડના ધનોરી ગામે પત્નીની હત્યા કરનાર પતિ વિરૂદ્ધ વલસાડની સેસન્સ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસની સૂનાવણી હાથ ધરાતા સરકારી વકીલ નવિન પ્રજાપતિની દલીલ ગ્રાહ્ય રાખી જજ નીપા રાવલે આરોપીને દોષિત ઠેરવી તેને આજીવન કેદની સજા અને રૂપિયા 5 હજારનો દંડ ફટકારતો ચૂકાદો આપ્યો હતો. આ કેસની વિગત એવી છે કે, ધનોરી ગામે રહેતા હર્ષદ પ્રજાપતિ સાથે પારડીના અંબાચ ગામની ડિવોર્સી મહિલા સુમિત્રાબેનના લગ્ન અંદાજે 10 વર્ષ અગાઉ થયા હતાં. લગ્ન જીવનનમાં છેલ્લા 5 વર્ષથી તેમની વચ્ચે નજીવી બાબતે નાના મોટા ઝગડા ચાલ્યા કરતા હતાં.

જોકે, ગત 2 ઓગષ્ટ 2023 ના રોજ હર્ષદનો તેની પત્ની સુમિત્રા સાથે મોટો ઝગડો થયો હતો અને તેણે તેને લાકડાથી માર માર્યો હતો. જેમાં સુમિત્રાનું મોત નિપજ્યું હતું. આ બનાવ સંદર્ભે સુમિત્રાના પિતા નવીનભાઈએ વલસાડ રૂરલ પોલીસ મથકે તેના પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ સેસન્સ કોર્ટમાં ચાલ્યો હતો. જ્યાં જજે હર્ષદને દોષિત ઠેરવી તેને આજીવન કેદની સજા અને રૂપિયા 5 હજારના દંડની સજા ફટકારતો ચૂકાદો આપ્યો હતો.

ઓનલાઈન રોકાણના નામે કરોડોની ઠગાઈ

દાનહ-દમણ-દીવ ક્રાઇમ બ્રાન્ચે બેની ધરપકડ કરી

દમણ : દાનહ-દમણ-દીવ ક્રાઇમ બ્રાન્ચે ઓનલાઈન રોકાણના નામે ચાલતા આંતરરાજ્ય સાયબર ઠગાઈના મોટા રેકેટનો પર્દાફાશ કરતાં બે આરોપીઓની ધરપકડ કરી છે. બોટબ્રો, બોટ આલ્ફા, ક્રોસ માર્કેટ, ટ્રેડ ક્રાફ્ટ અને બીજી વેલ્થ જેવી ઓનલાઈન રોકાણ પ્લેટફોર્મ મારફતે રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપી કરોડો રૂપિયાની છેતરપિંડી આરોપીઓ દ્વારા કરવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચમાં નોંધાયેલી ફરિયાદના આધારે વર્ષ 2026 માં એક ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. ફરિયાદીએ આરોપ મૂક્યો હતો કે, આરોપીઓએ દર મહિને 5 થી 7 ટકા નિશ્ચિત નફો મળશે અને હાઈ વેલ્યૂ ટોકન આપવામાં આવશે તેવી ખોટી ખાતરી આપી ઓનલાઈન રોકાણ કરાવ્યું હતું. જોકે બાદમાં ફરિયાદીને પોતાની મહેનતની કમાણી ગુમાવવાનો વારો આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ઘણા અન્ય રોકાણકારો પણ આ કૌભાંડનો ભોગ બન્યા હોવાની આશંકા છે. તપાસ દરમિયાન ક્રાઇમ બ્રાન્ચે સોમવારે અંજલિ યાદવ, (રહે. વાપી) અને મિલનકુમાર દિનેશભાઈ મહાલા, (રહે. ધરમપુર)ની ધરપકડ કરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે, આરોપીઓ રોકાણકારોને ખોટી ખાતરીઓ આપી ફસાવતા હતા. ઓનલાઈન ડેશબોર્ડમાં બનાવટી નફો દર્શાવી વિશ્વાસ જીત્યા બાદ દમણ ઉપરાંત દુબઈ અને થાઈલેન્ડમાં પણ ભવ્ય પ્રમોશનલ કાર્યક્રમો યોજી વધુ લોકોને રોકાણ કરવા પ્રેરિત કરવામાં આવતા હતા. જ્યારે એક પ્લેટફોર્મ અંગે શંકા ઊભી થતી ત્યારે તેનું નામ અને ઓળખ બદલી નવી સ્કીમ શરૂ કરી ફરીથી લોકો પાસેથી નાણાં એકત્ર કરવામાં આવતા હતા. તપાસમાં વધુમાં ખુલ્યું છે કે રોકાણકારોને તેમની રકમ USDT (ક્રિપ્ટોકરન્સી) મારફતે ઉપાડવાની સૂચના આપવામાં આવતી હતી. પરંતુ ખાતામાં વાયદા મુજબની કોઈ રકમ જમા થતી નહોતી. ક્રાઇમ બ્રાન્ચની તપાસ દરમિયાન આ સમગ્ર કૌભાંડ પાછળ લવિશ ચૌધરી ઉર્ફે નવાબ અલી નામના વ્યક્તિની મુખ્ય ભૂમિકા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી છે. તે પોતાના સાગરિતો સાથે મળીને વિવિધ રાજ્યોમાં અનિયમિત MLM આધારિત રોકાણ નેટવર્ક ચલાવતો હોવાનું સામે આવ્યું છે. આ કાર્યવાહી સાયબર આધારિત નાણાકીય છેતરપિંડીના સંગઠિત રેકેટ સામેની મહત્વપૂર્ણ સફળતા છે. હાલ ગુનાની આવક (પ્રોસીડ્સ ઓફ ક્રાઇમ) શોધી કાઢવા, વધુ ભોગ બનનાર રોકાણકારોને ઓળખવા, સમગ્ર કાવતરાનો પર્દાફાશ કરવા તેમજ ફરાર અન્ય આરોપીઓને ઝડપી પાડવા માટે દમણ પોલીસે તપાસ વધુ તેજ બનાવી દેવામાં આવી છે.

|| જય જલારામ બાપા ||

"સેવા એ જ સાચો ધર્મ છે...
અને વડીલોના આશીર્વાદ એ જ સાચી મૂડી છે."

આપણા સમાજના નિરાધાર અને અસહાય વડીલોને એક સુરક્ષિત અને વહાલભર્યું ઘર આપવા માટે "મહાવીર કલ્યાણ & વિકાસ ટ્રસ્ટ" દ્વારા વૃદ્ધાશ્રમના બાંધકામનું પવિત્ર કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ પુણ્યના કાર્યમાં આપનો નાનો સરખો સહયોગ પણ એક મોટું પરિવર્તન લાવી શકે છે.
"આપનો એક રૂપિયો એ સમુદ્ર સમાન માનીશું" વડીલોની સેવામાં આપેલો આપનો દરેક રૂપિયો અમૂલ્ય છે. આપ દિલ ખોલીને આ ભગીરથ કાર્યમાં સહભાગી બનો તેવી નમ્ર વિનંતી છે.
દાન આપનાર પરમ પૂજ્ય દાતાશ્રીને સંસ્થા તરફથી "ગોલ્ડ તકતી" મૂકીને સન્માનિત કરવામાં આવશે.
વડીલો માટે આ વૃદ્ધાશ્રમમાં પ્રવેશ તદ્દન "વિનામૂલ્યે" (ફ્રી) રાખવામાં આવ્યો છે.
આવો, સાથે મળીને વડીલોના જીવનના આથમતા સૂરજને ખુશીઓથી ભરી દઈએ...

સંપર્ક પ્રમુખશ્રી મોબાઈલ નંબર 99256 73021